# અરુણોદય

જાન્યુઆરી-૨૦૨૨

અંક - ૪૩


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


અનુક્રમણિકા


- જિંદગી
- મેરી ક્રિસમસ
- વિચારોની સફાઇ
- જો જો સ્વતંત્રતા સ્વછંદતા ન બની જાય
- સપના ની સિદ્ધિ
- બલુન
- ભારતના કેટલાક ગામડાઓની વિશેષતાઓ
- વૈશ્વિક ચિંતકોની દ્રષ્ટિએ.....
- શાળાની પ્રવૃત્તિઓ





ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન “અરૂણોદય” જાન્યુઆરી - ૨૦૨૨ , અંક-૪૩ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# જિંદગી




અનિલ પંડયા
સી.આસી.
અમદાવાદ



આમ ને આમ દિવસો ગયા ને
રોજ સાંજ પણ પડતી ગઈ,
શોખ મરતા ગયા એક એક કરીને
જવાબદારી વધતી ગઈ,
સપનાઓ રુંધાયા અને મુલાયમ હાથની
રેખાઓ બળતી ગઈ,
પૈસા ને પરિસ્થિતિના ખેલમાં
સાલી જિંદગી ઢળતી ગઈ.
સારા કે સાચા હોવાની સજાઓ
હર ઘડી ઘડી મળતી ગઈ,
આ ન કરતા પેલું ન કરતાં તેવી
બરાબર સુચના મળતી ગઈ,
રહેવું હતું નાનું અમારે પણ
ઉંમર હતી કે વધતી ગઈ,
આમ ને આમ દિવસો ગયા ને
જિંદગીની સાંજ પણ પડતી ગઈ.







# મેરી ક્રિસમસ




પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

દરેક ધર્મના લોકો પોતાના ઉત્સવો આનંદ –ઉલ્લાસથી ઊજવે છે.  વિવિધતામાં એકતા ધરાવતા બિન-સાંપ્રદાયિક રાષ્ટ્ર એવા ભારતમાં દરેકે દરેક તહેવારોની મજા અનેરી છે.

આગામી 25 ડિસે. ઈશ્વરનો પેગામ દેશભરમાં આપનાર એવા ઈશુનો જન્મદિન. ખ્રિસ્તી પરિવારો તેમજ અન્ય ભારતીયો પણ આનંદથી ઊજવે છે. મેરી એટલે પ્રસન્ન . ક્રિસમસમાં એટલે જ તો પ્રસન્નતાનો ભાવ છે.

પવિત્ર બાઈબલમાં દેવદૂત (એન્જલ) બેથલેહામના ભરવાડોને કહે છે : તમામ લોકો માટે અદ્ભૂત આનંદના સારા સમાચાર હું તમારી પાસે લાવ્યો છું. એ સમાચારમાં .....



(૧) God loves you . ( ઈશ્વર તમને પ્રેમ કરે છે. )

(૨) God is with you . ( ઈશ્વર તમારી સાથે છે. )

(૩) God is for you . ( ઈશ્વર તમારા માટે છે. ) એવું વર્ણન છે.

જે પરમકૃપાળુ પિતા પરમેશ્વરનો પ્રેમ પામે  છે તે પ્રસન્ન જ હોય એટલે મેરી ક્રિસમસ બાઈબલમાં જિસસને ઈશ્વરના પુત્ર તરીકે વર્ણવામાં આવ્યા છે. ઈશ્વર દુનિયાને એટલો પ્રેમ કરે છે કે, તેમણે પોતાનો એકમાત્ર પુત્ર આપ્યો જેથી તેમનામાં શ્રધ્ધા ધરાવનાર એક-એક વ્યક્તિ શાશ્વત જીવન જીવશે. એવું કહેવાય છે કે માનવ માત્રને પ્રેમ કરવા માટે જ આ પૃથ્વી પર ઈશુનું  અવતરણ થયું હતું. પ્રેમના પ્રસાર માટે જ આવા લોકો જન્મ લેતા હોય છે.

આપણા જીવનમાં બધું જ  આવશે – જશે પણ એકમાત્ર ઈશ્વર નો પ્રેમ જ સતત , અવિરત અને અચળ પરિબળ રહેશે.

આમ પ્રેમના પાયા પર રચાયેલી ક્રિસમસ ની ઊજવણી ખાણી પીણીની મોજ  મજા પૂરતી ન હોય . ઈશ્વર ખુદ માનવ દેહ ધરે ત્યારે એ ઘડી અપૂર્વ હોય છે અને માત્ર પ્રેમ ફેલાવવા જ ઈશ્વર આવવાના હોય ત્યારે પ્રસન્નતા આપોઆપ વ્યાપ્ત થાય એટલે 'મેરી ક્રિસમસ' .

નાના બાળકને જ્યારે પૂછવામાં આવે કે , 'તું મમ્મી – પપ્પા ને કેટલો પ્રેમ કરે છે ?'  ત્યારે તે પોતાના બન્ને હાથને શરીરથી બને એટલા દૂર સુધી ફેલાવશે અને કહેશે , 'આટલો........' . વધ સ્તંભ પરના જિસસના ચિત્રને હવે ધ્યાનથી જો જો , તેમના બંને તરફ ફેલાયેલા હાથને જોશો ત્યારે યાદ રાખજો કે તેઓ કહી રહયા છે, હું તમને આટલો પ્રેમ કરું છું.  પ્રેમની પરાકાષ્ઠા આ જ છે.

પ્રેમ નિર્વ્યાજ , બિનશરતી અપેક્ષા વિનાનો હોય તો જ પવિત્ર બને છે. ઈશ્વરના આ પ્રેમને સમજવાનો , પામવાનો અવસર એટલે મેરી ક્રિસમસ . પ્રેમ પામવા પ્રેમ આપો તો ક્રિસમસ હેપી અને મેરી બંને થશે.



# વિચારોની સફાઈ



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

ભાદરવા મહિનાના ધોમધખતા તાપમા બપોરના સમયે એક ભાઈ દૂધ પાક ની ડોલ હાથમાં લઈને ગટર પાસે ઊભા હતા અને એક ચમચા વડે ડોલમાંથી દૂધપાક લઈને થોડો થોડો ગટરમાં નાંખતા હતા. ત્યાંથી પસાર થતી કોઈ એક વ્યક્તિનું ધ્યાન ગયું એટલે એ પેલા ભાઈ પાસે પહોંચી ગયા. કેસર ઈલાઇચી વાળા સૂકા મેવાથી ભરપુર મસ્ત મજાના દુધપાક ને ગંદી ગટરમાં નાખતા જોઈને એમને આશ્ચર્ય થયું!

દુધપાક ને ગટરમાં નાખી રહેલા પેલા ભાઇને પૂછયું , તમે કેમ દુધપાક ને ગટરમાં નાખી દો છો?

પેલા ભાઈએ બળાપો કાઢતા કહ્યું, અરે ભાઈ, શું કરું? આજે મારા દાદાના શ્રાધ્ધ નિમિતે કેટલી મહેનતથી આ સરસ મજાનો દુધપાક બનાવ્યો હતો પણ તેમાં આ બે માંખો પડી છે અને મરી ગઈ છે એટલે એને ચમચાથી બહાર કાઢીને ગટરમાં ફેંકવા માટે આવ્યો છું પણ માખ બહાર નીકળવાનું નામ જ નથી લેતી .

આ વાત સાંભળતા જ રસ્તેથી પસાર થતા હતા તે ભાઈ ખડખડાટ હસી પડ્યા અને કહ્યું,ભાઈ આમ જ જો આ મરેલી માંખો ને બહાર કાઢવાનો પ્રયાસ કરશો તો દૂધ પાક ની આખી ડોલ ખાલી થઈ જશે તો પણ માંખો બહાર નહીં નિકળે.એક કામ કરો તમે જે ચશ્મા પહેર્યા છે તે મને આપો. દૂધ પાકની ડોલ નીચે મુકીને પોતાના ચશ્મા ઉતારી ને એ ભાઈ ના હાથમાં આપ્યા.

ચશ્માના કાચ પર બે મરેલી માંખો ચોંટી હતી. કપડું લઈને ચશ્મા બરાબર સાફ કર્યા અને પછી પાછા આપી ને કહ્યું, હવે આ ચશ્મા પહેરો. પેલા ભાઈ એ ચશ્મા પહેરીને ડોલમાં જોયુ તો દુધપાક તો ચોખ્ખો હતો. એમાંથી મરેલી માંખો જતી રહી હતી.

આપણા વિચારો રૂપી ચશ્મા પર ચોંટેલી નકારાત્મકતા રૂપી માંખો ને કારણે આ દુનિયાને અને દુનિયાના લોકો સાથેના આપણા સંબંધને જે સરસ મજાનાં દુધપાક જેવા મીઠા છે તેને ગંદી ગટરમાં ફેંકી રહ્યા છે. વિચારોના ચશ્માને પણ જરા સાફ કરતા રહેવા જોઈએ.

શુધ્ધ બુધ્ધિ અર્થાત શુધ્ધ વિચારો ખરેખર કામધેનું જેવા છે કારણ કે તે સંપત્તિને દો હવે છે વિપતી ને રોકે છે મલિનતા ને ધોઈ નાખે છે અને સંસ્કાર રૂપ પવિત્રતા દ્વારા બીજાને પાવન કરે છે.

# જો જો સ્વતંત્રતા સ્વચ્છંદતા ન બની જાય



કુ. એન.બી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

સ્વતંત્રતા કોને ન ગમે ? પૃથ્વી ઉપરના જીવજંતુ હોય કે કાળા માથાનો માનવ દરેકને સ્વતંત્રતા પ્રિય છે. જો બીજાની સ્વતંત્રતાને સ્વીકાર કરવાની આપણી માનસિકતા ન હોય તો આપણે પણ સ્વતંત્ર રહેવાનો નૈતિક અધિકાર નથી. 1947 થી 2021 સુધીની સફર કુદરતી , માનવ સર્જિત અનેક ચઢાવ – ઉતાર વાળી રહી છે.

ખરા અર્થમાં સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે એક પાતળી ભેદરેખા છે. સ્વતંત્રતા એટલે મુક્ત રીતે વર્તવું . જેમકે આપણા બંધારણે આપણને ઘણા બધા મૂળભૂત હક્કો આપ્યા છે. સમાનતાનો હક્ક , વાણી સ્વાતંત્રતાનો હક્ક , ધર્મ સ્વતંત્રતાનો હક્ક વગેરે.... સાથો સાથ આપણી કેટલીક જવાબદારીઓ પણ છે.

આપણે ફક્ત પોતાનો હક્ક ઇચ્છીએ છીએ તો સામે પક્ષે આપણે બીજાના હક્કનું પણ પાલન કરવું જોઇએ. વ્યક્તિ જ્યારે પોતાના પરિવારમાં જીવે છે ત્યારે તેણે પોતાના ઘરના કાયદા કે નિયમને ધ્યાનમાં રાખીને વર્તવું પડે છે. તેમાં બેફામ વર્તન આફત નોતરનારું સાબિત થાય. કુટુંબમાં સ્વચ્છંદતા વ્યક્તિને પરિવારથી દૂર કરી દે છે.

સ્વચ્છંદતા એટલે સ્વૈચ્છિક રીતે વર્તવું. પોતાની મનમાની કરવી . પોતાની વાત ને જ ખરી કરવાનો કક્કો ઘૂંટવો. ક્યારેક એ સ્વચ્છંદતા જિદ્દ બની જાય છે ત્યારે તે ઘાતક બને છે.

ખૂબ જૂનો પ્રસંગ બધાને યાદ જ હશે. ગાંધીજી એકવાર ગંગા કિનારે જઇને જ્યારે દાંતણ કરતાં હતાં ત્યારે સાથે ફક્ત એક જ લોટો ભરેલું પાણી લઇને તેઓ દાંતણ કરવા બેઠા. તેમણે ફક્ત એક લોટા પાણીથી મોઢું સાફ કર્યું આજે આપણે માત્ર બ્રશ કરવામાં કેટલાયે બિનજરૂરી લોટા પાણી વેડફી નાખીએ છીએ. પરિણામે આજે કળિયુગમાં પાણી પૈસા થી વેચાતું થયું છે. ગાંધીજીના સહયોગી મિત્રએ તેમને કહયું : આટલી મોટી ગંગા વહે છે તો તમે માત્ર એક લોટો જ પાણી થી ચલાવી લો છો ? ત્યારે ગાંધીજી બિનજરૂરી પાણીના બગાડતા નથી અને કહે છે કે ગંગાનું પવિત્ર પાણી માનવ માત્ર માટે છે તેનો બગાડ કદાપિ ન થવો જોઇએ. જો ગાંધીજી પાણીનો દૂરપયોગ કરત તો તેમની સ્વચ્છંદતા બની જાત.

વ્યકિત સ્વાતંત્ર્યની આપણને કિંમત હોવી જોઇએ. નિરકુંશ વ્યક્તિ સ્વાતંત્ર્ય પશુ સમાન છે. જે ખુદ અને સમાજ માટે હાનિકારક પણ છે.

રાષ્ટ્રનું નિર્માણ ત્યારે જ શક્ય બને જ્યારે આપણે સ્વ કરતાં બીજા નું અને દેશનું પણ વિચારતા થઇએ. સાચી દેશભક્તિ દેશ માટે પ્રાણ આપીને જ નહિ પણ તેના કાયદા – કાનૂન નું પાલન કરીને પણ થાય . દેશ , સમાજ અને પરિવારના નિયમોમાં રહીને વર્તવું એ જ છે સાચી સ્વતંત્રતા નહિં તો એ સ્વચ્છંદતા .



# સપના ની સિદ્ધિ



એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

દરેક માણસ સપનું જોવે છે. દરેક ને સપનું જોવાનો અબાધિત અધિકાર છે. કોઇ નાનું સપનું જોવે છે તો કોઇ મોટું . સપનું એ સપનું છે . આજે જે પરિસ્થિતિ છે એમાંથી કઇક આગળ વધુ સારી પરિસ્થિતિ એ પહોંચવાનું દરેક નું સપનું હોય છે. પરંતુ દરેકનું આ સપનું સાકાર થાય છે ખરુ ? જો ના તો શા માટે સપનું સાકાર થતું નથી ?

આવા સવાલો દરેકના મનમાં ઉઠતા હોય છે. આનો જવાબ શોધવા માટે આપણે યથાશક્તિ પ્રયાસો પણ કરતા હોઇએ છીએ. જવાબ મળી જાયતો ઠીક નહીતર , ખાસ કરીને પોતાના સપનાને સાકાર કરવાની નિષ્ફળતાના કિસ્સામાં આખી વાતને નસીબના હવાલે કરી દઇએ છીએ. પરંતુ આમ કરતા જરા થોભો. એવું કહેવાય છે કે તક અને તૈયારી નો મેળાપ થાય ત્યારે જે સર્જાય છે એનું નામ નસીબ .

જીવનમાં તક તો ડગલે ને પગલે આવતી જ હોય છે . પરંતુ તક નું તો એવુ છે ને કે એ આવી છે એને ઓળખી ન શકીએ તો આવ્યા ભેગી એતો ચાલી જાય છે. તકને ઝડપવા માટે હંમેશા તૈયાર રહેવાની તૈયારી રાખીએ તો સપના ની સિધ્ધિ અઘરી લાગતી નથી. આ તૈયારી વ્યક્તિ એ ખુદની કરવાની છે. બહાર થી પ્રોત્સાહન અને સમર્થન મળી રહે પણ છેવટે તો સિધ્ધિના શિખરે પહોંચવાનું જે સપનું જોયુ હોય એને સાકાર કરવા માટે લેવા પડતા જરૂરી પગલાં લેવાની જવાબદારી તો સપનું જોનારની જ રહે છે.

પરંતુ આ જવાબદારી માંથી સપનું જોનાર પાછો પડે છે તો પાછા પડવાનું કારણ શું ? તો આનો જવાબ સપનું જોનાર ની વધારે પડતી સુરક્ષા ના કવચમાં વીંટળાઇ રહેવાની વૃતિ . આવું કવચ તો ઉલટાનું અસલામતીનું સર્જન કરે છે પરંતું સુરક્ષાના કવચ માંથી બહાર આવતાજ શક્યતાના લહેરાતા મહાસાગરના દર્શન થાય છે.

સફળતા આકસ્મિક રીતે મળવી શક્ય નથી . આપણું સપનું હોઇ શકે છે વધુ પૈસા કમાવાનું , વધુ ને વધુ આનંદ પ્રાપ્ત કરવાનું , જીવનને માણી લેવાનું , સમાજમાં માન મોભો મેળવવાનું , સ્વાસ્થયની જાળવણીનું ......... આ બધીજ બાબતો ત્યાં સુધી શક્ય બનતી નથી જ્યાં સુધી યોગ્ય વલણ દાખવવામાં ના આવે. જીવંત છે તે વિકસે છે , નિષ્ક્રિય બને એ અટકી જાય છે . ફેકાઇ જાય છે. લોકો સાથેના વ્યવહારમાં બીજા માં જે ઉત્તમ અને શ્રેષ્ઠ છે એના પર ધ્યાન કેન્દ્રીત કરી અરસ પરસ લાભ ઉઠાવવા માટે સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઇએ અને બીજાને પણ પોતાના તરફથી શ્રેષ્ઠ આપવાનું વલણ રાખે તોજ સપનું જોનાર સપનાની સિધ્ધિ અવશ્ય પ્રાપ્ત કરશે.



# बलुन



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

हर बच्चे की पहली पसंद ब्यूटीफुल बलुन।
रंग बिरंगी, मुस्कुराते फूलों की तरह होते हैं बलुन।
लाल, हरे, पीले स्माइली बलुन।
मुझे बहुत पसंद है यल्लो स्माइली बलुन।
एकबार बलुन बेचनेवाला आया था।
उसके पास यल्लो स्माइली बलुन था।
बिलकुल गुडिया सा लगता था।
मुझे बहुत पसंद आया,
में ने माँ से कहा कि मुझे वो बलुन चाहिए,
माँ को काम पर जाना था,
माँ ने मना कर दिया।
मेरा ध्यान उस बलुन से हटता ही नहीं था।
बलुन बेचनेवाला मुझे ही वो बलुन हवा में लहराते हुए दिखाता था।
मेने माँ से बहुत ज़िद्द की,,,में रोने लगा।
माँ ने गाल पर तमाचा दे मारा,
में ओर जोर से रोने लगा माँ को बहुत गुस्सा दिलाया तो माँ ने रस्सी से बांध दिया।
फिर भी ज़िद नहीं छोड़ा तो माँ ने आखिर में बलुन दिला दिया।
रोता हुआ चेहरा मुस्कुरा उठा,
उस पीले स्माइली बलुन की तरह। माँ ने अपने गले से लगा लिया। माँ- बेटा एक-दूसरे से लिपट कर हसने लगे।



बहुत दिनों बाद मेंने फिर से ऐक बलुन देखा, बिलकुल वैसा ही। वो भी मुझे बहुत पसंद आया। जैसे में भी उसे बहुतपसंद आया। वो हवा में लहरा उठा।
पर वो किसी और के हाथों में था। धागे से बंधा उससे लड़का वो था। का और किसी वो , था। खेलता शाम -सुबह रोज़
में भी स्कूल से आते - जाते देखता था, वो भी मेरी तरफ़ देखता तो मे खुश हो जाता।
अब स्कूल मे आना जाना अच्छा लगता है ,रस्ते मे वो बाहें फैलाए मुझे बुलाता है।
कितना प्यारा साथ था उसका।
पर किसी ने उसे सुई चूभाकर सारी हवा निकाल दी।
बेचारा बलुन.....!!मुरझा गया।
पर अभी भी मुझे देखता था। मेरी तरफ़ अपनी बाहें फैलाए मुझे कुछ कहना चाहता था।
मेरा अच्छा दोस्त जैसे मर रहा था। मरते मरते मुझे कुछ कह रहा था।
तभी रेडियो पर गाना बजता है,.......ख़ुदा -----की ..... क...स...म...मझा आ...गया, मुझे मारकर बे...शरम..खा..... गया।

लेकिन....आप....तो...जिंदा...हें।!!!!!!! अरे..ये ..जाना, भी कोई, जाना है लल्लु????
गाना बंध हुआ तो बलुन बिलकुल फुस्स हो चूका था।
वो मर गया था, में ने उसे मार दिया था। मे चाहता तो उसे बचा सकता था। उसकी स्माइली फिर से उसे दे सकता था।
न जाने मेंने क्यूँ ज़िद्द नहीं की माँ से;उस लड़के से क्यूँ नहीं छीन लिया अपना प्यारा बलुन???
तो क्या हुआ माँ से थोड़ी मार खालेता।
उस लड़के से थोड़ी मार- पीट हो जाती?!!
मेरा बलुन मेरे पास होता;झिन्दा होता।
मे उसे कितना खुश रखता।
वो मुझे बहुत प्यार करता था।
मेरा रोज़ इन्तजार करताथा।
अब क्या;मुझे मेरा झमिर माफ करेगा?
अब क्या? मुझे कोई बलुन पसंद आयेगा ???
मेरा प्यारा सा यल्लो स्माइली बलुन





એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

# ભારતના કેટલાક ગામડાઓની વિશેષતાઓ

**શનિ શિંગડાપુર , મહારાષ્ટ્ર**

આખા ગામમાં એક પણ ઘરમાં બારણાં નથી . ચોરી થતી નથી. પોલીસ સ્ટેશન પણ નથી.

**શેઠપાલ , મહારાષ્ટ્ર**

ગામના દરેક ઘરમાં સાપ છે. સાપ તેમનો કુટુંબીજન છે.

**હિવારે બજાર , મહારાષ્ટ્ર**

ભારતનું સૌથી ધનિક ગામ છે. આ ગામમાં ૬૦ કરોડપતિ રહે છે. કોઇ ગરીબ નથી. સૌથી વધુ GDP.

**પુનસારી , ગુજરાત**

સૌથી આધુનિક ગામ , દરેક ઘરમાં CCTV કેમેરા અને Wi - Fi , દરેક ગલીઓની લાઇટ સોલાર પાવર વડે ચાલે છે.

**જામ્બુર , ગુજરાત**

ગામના દરેક વ્યકિત આફ્રિકન જેવા દેખાય છે. ગામનુ નીક નામ આફ્રિકન ગામ તરીકે ઓળખાય છે.

**કુલધરા , રાજસ્થાન**

અઘોર ગામ , અહીંયા કોઇ રહેતું નથી. મકાનો છે પણ કોઇ રહેતું નથી. લોકો વિનાનું ગામ.

# વૈશ્વિક ચિંતકોની દ્રષ્ટિએ.....



એમ.કે. દવે
માધ્યમિક શિક્ષક

## " આવતીકાલ"

આવતીકાલની ચિંતા ન કરો કારણ કે આજે તમારા પર શું વીતવાનું છે તે કોણ જાણે છે ? – યીડીસ કહેવત

હું આવતીકાલથી ડરતો નથી કારણ કે મેં ગઈકાલ જોઈ છે અને હું આજને ચાહું છું ! – ડબલ્યુ એ. વ્હાઈટ

બે દિવસો એવા છે જેની ચિંતા કોઈએ કરવા જેવી નથી તે છે : ગઈકાલ અને આવતીકાલ . – આર.જે. બુરડેટ્ટા

એક આજ બે આવતીકાલ બરાબર છે. જો તમારે આવતીકાલે કાંઈક કરવાનું છે તે આજે જ કરો. – મેથ્યુ

બે આવતીકાલ કરતાં એક જ આજ વધારે મૂલ્યવાન છે. – આર્થર હેલ્પસ

આવતીકાલે , આવતીકાલે , આજે નહીં – એમ કહેતા આળસુ (પ્રમાદી) લોકોને સાંભળો – વેઈસે

જે કાલે અપૂર્ણ રાખીને મરવાની ઈચ્છા હોય એ જ કાર્યને આવતીકાલ પર મુલત્વી રાખે. –પાબ્લો પિકાસો

## "હાસ્ય"

પુષ્પો માટે જેમ સૂર્યપ્રકાશ જરૂરી છે એમ માણસ માટે જરૂરી છે હાસ્ય ! – એડિસન

સારી રમૂજ એ મન માટેનો સૂર્યપ્રકાશ છે. – બુલવર લિટ્ટન

હસો અને જગત તમારી સાથે હસશે. રડો અને તમારે એકલા જ રડવું પડશે ! – એલ્લા વ્હીલર વિલલોક્સ

જે દિવસે આપણે ખડખડાટ હસતા નથી એ દિવસ આપણો સૌથી વધારે પ્રમાણમાં નષ્ટ (નકામો) કરીએ છીએ.

- ઝોરોસ્ટર

## "ક્રોધ"

ક્રોધ માનવીને જલદી વુધ્ધ બનાવે છે. –આલ્કાયુસ

મનુષ્યને પ્રાપ્ત થયેલી પ્રકૃતિમાં 'ક્રોધ' એક એવી ચીજ છે જે મનુષ્યને ખૂબ વિકૃત – પશુ બનાવે છે. –વેબ્સ્ટર

ક્રોધી માણસ પોતાનું મોઢું ખોલે છે અને બુધ્ધિના દ્વાર બંધ કરે છે ! -આલ્કોટ

તર્કમાં જેનો અભાવ હોય છે , લોકો તેને ગુસ્સામાં ઘણીવાર મેળવી લે છે. – ડબલ્યુ . આર. એલ્જર

# શાળાની પ્રવૃત્તિઓ


















જી.એસ.ઈ.સી.એલ.,કે.એલ.ટી.પી.એસ. દ્વારા વિજળીની બચત વિષય પર
ધોરણ-૫ અને ધોરણ-૬ માટે ચિત્ર સ્પર્ધા





આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પોસ્ટકાર્ડ નિબંધ સ્પર્ધા યોજાઈ














## આર્ષ અધ્યયન કેન્દ્ર-ભુજ દ્વારા શિક્ષકો માટે ગોષ્ઠી

### શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા










દ્યાના કે. છાયા









ક્રિપા આર. જેઠવા








ક્રિતાર્થ પટેલ












ક્રિપા વી. પુરોહિત





નિકિતા પી. સરગરા









શ્રેયા સી. કલાસવા



સિન્ધુ ચુડાસમા